CHIPS Express
પરદેશ પાર્સલ સેવા
www.chipsairexp.com
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૯૬ | ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૮, મંગળવાર; ભાદરવા સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦






જયો જયો મા-જગદંબે - ભાદરવી પૂનમના મહામેળામાં સોમવારની સાંજ સુધીમાં ૨૨,૦૯,૪૫૯ ભાવિકોએ મા-આદ્યશક્તિના ચરણોમાં શીશ ઝુકાવ્યું હતું... રાજ્યના ખૂણે ખૂણેથી ભાદરવી પૂનમના મહામેળામાં ઉમટતા માઈભક્તિનો ઉમળકો અને ઉલ્લાસ માતાજીના સાક્ષાત્કારનો પરિચય આપે છે... સેંકડો કિલોમીટરની પદયાત્રા કરી પોતાની શક્તિ-ભક્તિ પ્રમાણે માતાજીના ચરણોમાં વિનવણીઓ કરતા માઈભક્તોને જોવા શ્રદ્ધાનું બીજુ સ્વરૂપ છે... શક્તિપીઠ અંબાજીમાં અબાલ-વૃદ્ધ, નર-નારી, ગરીબ-શ્રીમંત, નાત-જાત, ભેદભાવ સિવાય સમરસતાના માહોલમાં માતાજીના ચરણે સૌ સાથે મળી પ્રાર્થના-વંદના કરતા હોય છે... શ્રદ્ધાનું ઘોડાપુર અંબાજીમાં આવ્યું હોય એમ રાજ્યભરનો અવિરત પ્રવાહ અંબાજી તરફ વહી રહ્યો છે... આજે અંતિમ દિવસે લાખોની સંખ્યામાં ભાવિકો ઉમટશે... ત્યારે મા-આદ્યશક્તિના મંદિરનો ઝળહળાટ આધ્યાત્મિકતાનો અહેસાસ કરાવે છે...

## ભારતને ૨૦૧૯ના અંત સુધીમાં ૧૦૦ Gbps ઈન્ટરનેટ સ્પીડ મળશે

### ડિજિટલ સેક્ટરમાં જે અંતર છે તે દૂર થશે : ઈસરોના ચેરમેન ડો.કે. સિવન

હૈદરાબાદ,તા.૨૪

કંગાળ ઈન્ટરનેટ સ્પીડ ભારતમાં લોકોની મોટી ફરિયાદ છે, પણ આવતા વર્ષના અંત સુધીમાં આ સમસ્યા દૂર થઈ જવાની ધારણા છે. ભારતની અવકાશ સંશોધન સંસ્થા ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ના ચેરમેન ડો. કે. સિવનનું કહેવું છે કે ૨૦૧૯ની સાલના અંત સુધીમાં ભારતને ૧૦૦ Gbps ઈન્ટરનેટ સ્પીડ મળતી થઈ જશે, જે હાલ આશરે ૧૦ mbps કરતાં પણ ઓછી છે.

સિવને કહ્યું છે કે ૨૦૧૭માં અવકાશમાં લોન્ચ કરાયેલા ભારતના કૃત્રિમ ઉપગ્રહ GSAT-19, તેમજ હજી લોન્ચ કરવાના બાકી છે તે GSAT-11, GSAT-29 અને GSAT-20 બધા સાથે મળીને હાઈ બેન્ડવિથ કનેક્ટિવિટી પૂરી પાડશે અને ડિજિટલ સેક્ટરમાં જે અંતર છે તે દૂર કરી દેશે.

જિયો ફાઈબરે ખાતરી આપી છે કે એ ભારતીયોને એટલી બધી ઈન્ટરનેટ સ્પીડ આપશે કે ભારતીયોએ અત્યાર સુધી ક્યારેય જોઈ નહીં હોય, પણ ઈસરોના ચેરમેને કહ્યું છે કે દેશભરમાં ૧૦૦ Gbps ઈન્ટરનેટ સ્પીડ મળશે.

● અનુસંધાન પાન-૭ પર

## પંજાબ-હરિયાણામાં ભારે વરસાદ

### ભારે વરસાદથી પુર જેવી પરિસ્થિતિ : બંને રાજ્યોમાં રેડએલર્ટની જાહેરાત કરવામાં આવી : હિમાચલ પ્રદેશમાં અનેક રાજમાર્ગો ઉપર પાણી ફરી વળતા વાહનો અટવાયા : બચાવ કામગીરી હાથ ધરવામાં આવી

નવીદિલ્હી, તા. ૨૪

ઉત્તર ભારતના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. કેટલાક ભાગોમાં સતત વરસાદના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે જ્યારે બીજી બાજુ કેટલાક વિસ્તારોમાં રેડએલર્ટની પણ જાહેરાત કરવામાં આવી છે. પંજાબમાં ભારે વરસાદના લીધે રાજ્ય સરકારે એલર્ટની જાહેરાત કરી છે. વહીવટીતંત્ર સંપૂર્ણપણે સાવધાન થઈ ગયું છે. બીજી બાજુ હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં અવિરત વરસાદના લીધે પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. કાંગડામાં બે લોકોના મોત થયા છે. કુલ્લુ મનાલીમાં પણ એક એક વ્યક્તિનું મોત થયું છે. આની સાથે જ જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલું છે. કુલ્લુ માટે હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે. પંજાબના મુખ્યમંત્રીની ઓફિસ તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, મુખ્યમંત્રી અમરિન્દરસિંહે કોઈપણ સ્થિતિને પહોંચી વળવા માટે ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. હિમાચલમાં ભારે વરસાદના કારણે રાજમાર્ગો ઉપર પાણી ફરી વળ્યા છે અને વાહનો ફસાઈ ગયા છે. મોટી સંખ્યામાં વાહનો અટવાઈ પડતા ચક્કાજામની સ્થિતિ સર્જાઈ ગઈ છે. પંજાબમાં સતત બે દિવસથી ભારે વરસાદ થઈ રહ્યો છે. પંજાબ ઉપરાંત રાજસ્થાનમાં પણ વરસાદી માહોલ અકબંધ રહ્યો છે. હિમાચલ, પંજાબમાં તંત્ર દ્વારા સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા છે. પંજાબમાં સ્થિતિને પહોંચી વળવા માટે સંબંધિત ટીમોને સક્રિય કરવામાં આવી છે. પંજાબના અમૃતસર, ગુરુદાસપુર, જલંધર, લુધિયાણા, ફતેગઢ, કપુરથલા, રોપર, પટિયાલા, મોહાલીમાં ભારે વરસાદ થયો છે. બીજી બાજુ હિમાચલના અનેક ભાગોમાં પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. પુરના લીધે કાંગડા જિલ્લામાં એક પુરુષ અને

● અનુસંધાન પાન-૭ પર

પાંચમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



જન્મ
તા.૧૯-૦૫-૧૯૩૨

સ્વર્ગવાસ
તા.૨૫-૦૯-૨૦૧૩

સ્વ. નંદલાલ કપુરચંદ ધોળકિયા

વિતાવ્યા છે તમારી સાથે જે દિન-રાતો, સદા યાદ આવે છે એ જ વાતો
જ્યાં જ્યાં ફરે છે નજરો અમારી, ત્યાં ત્યાં ભરી છે યાદો તમારી
કોઈ કહે છે કે પૂણ્ય કમાઈને ગયા, કોઈ કહે છે કે સુવાસ ફેલાવીને ગયા
અમે તો કહીશું અમારા તો સર્વે સર્વા ગયા... આપે નક્કી કરેલ માર્ગ-રેખા
તથા ઉચ્ચ વિચારોને અનુસરવાની કાયમ કોશીશ કરતાં અમો સહુ
શ્રી ઠાકોરજી ને આપના દિવ્ય આત્માને
શાંતિ આપે તેવી પ્રાર્થના કરીએ છીએ......

ગં.સ્વ.જયાબેન નંદલાલ ધોળકિયા (પત્ની)
કિરીટ નંદલાલ ધોળકિયા (પુત્ર) બીના કે. ધોળકિયા (પુત્રવધુ)
રાજેશ નંદલાલ ધોળકિયા (પુત્ર) ફાલ્ગુની આર. ધોળકિયા (પુત્રવધુ)
મનીષ નંદલાલ ધોળકિયા (પુત્ર) સેજલ એમ. ધોળકિયા (પુત્રવધુ)
રાજેન્દ્રકુમાર સી. માલવિયા (જમાઈ) નિરંજના આર. માલવિયા (પુત્રી)
અનિલકુમાર એન. શાહ (જમાઈ) દક્ષા એ. શાહ (પુત્રી)
રોનકકુમાર પરેશભાઈ પારેખ(જમાઈ) પ્રિયલ આર. પારેખ (પૌત્રી)
દર્શિલ, રાહિલ, હર્ષિલ, કૃણાલ (પૌત્ર)
તથા સમસ્ત ધોળકિયા પરિવાર
ફર્મ : યમુના ટ્રેડર્સ, કુડાસણ, ગાંધીનગર
યમુના એન્જીન્યર્સ એન્ડ કોન્ટ્રાક્ટર્સ, ગાંધીનગર

## ૬૫ વર્ષમાં ૬૫ અને ચાર વર્ષમાં ૩૫ એરપોર્ટ બન્યા : નરેન્દ્ર મોદી

### વિકાસની ગતિ કેવી રહી છે તે આંકડાથી સાબિત થાય છે : ૭૦ વર્ષમાં દેશમાં આશરે ૪૦૦ વિમાનો સેવામાં હતા : આજે વિમાની સેવા આપનાર કંપનીઓ પાસે વિમાન ઓછા પડે છે : ૧૦૦૦ વિમાનોનો ઓર્ડર



ગંગટોક, તા. ૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સિક્કિમના પ્રથમ વિમાની મથકનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યા બાદ મોદીએ ઉપસ્થિત લોકોને સંબોધતા કહ્યું હતું કે, છેલ્લા ૬૫ વર્ષના ગાળામાં માત્ર ૬૫ એરપોર્ટ બન્યા હતા જ્યારે છેલ્લા ચાર વર્ષના ગાળામાં જ ૩૫ વિમાની મથકનું નિર્માણ કરવામાં આવ્યું છે જે સાબિત કરે છે કે તેમની સરકારની કામ કરવાની ગતિ કેટલી ઝડપી રહી છે. મોદીએ કહ્યું હતું કે, છેલ્લા ચાર વર્ષના ગાળામાં એક પછી એક વિકાસની નવી યોજનાઓ શરૂ કરીને અમલી કરવામાં આવી છે. અમે ખુબ ઝડપથી આગળ વધી રહ્યા છીએ. વિમાની મથકોને લઈને મોદીએ આંકડા આપતા કહ્યું હતું કે, અમે દર વર્ષે ૯ એરપોર્ટની સરેરાશથી આગળ વધી રહ્યા છે જેના ભાગરુપે ચાર વર્ષમાં ૩૫ એરપોર્ટ બનાવી ચુક્યા છે જ્યારે

● અનુસંધાન પાન-૭ પર

## શેરબજારમાં બ્લેક મન્ડે

### સેંસેક્સ ૫૩૭ પોઇન્ટ ગગડીને બંધ રહ્યો : મૂડીરોકાણકારોએ જંગી નાણાં ગુમાવ્યા : નિફ્ટી બેંક ઇન્ડેક્સમાં ૨.૬ ટકાનો ઘટાડો

મુંબઈ,તા. ૨૪

શેરબજારમાં આજે જોરદારમંદીનું મોજુ ફરી વળ્યું હતું. બ્લેક મંડેની સ્થિતિ આજે જોવા મળી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૧.૫ ટકા ઘટીને બંધ રહ્યો હતો. ફાઈનાન્સિયલ અને ઓટો મોબાઈલ શેરમાં સૌથી વધારે અફડાતફડી રહી હતી. સેંસેક્સ ૫૩૭ પોઈન્ટ ઘટીને ૩૬૩૦૫ની સપાટીએ રહ્યો હતો. ઈન્ટ્રાડે દરમિયાન ઈન્ડેક્સ એક વખતે ૩૬૨૧૬ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૬૮ પોઈન્ટ ઘટીને ૧૦૯૭૫ની સપાટીએ રહ્યો હતો. બેંકિંગ શેરમાં સૌથી વધારે અફડાતફડી જોવા મળી હતી. નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં ૨.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. આરબીએલ બેંક અને પંજાબ નેશનલ બેંકના શેરમાં સૌથી વધુ ઘટાડો રહ્યો હતો. નિફ્ટી ઓટો ઈન્ડેક્સમાં ૩.૭ ટકાનો ઘટાડો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૨.૪ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૨.૭ ટકાનો ઘટાડો રહ્યો હતો. રોકાણકારોની ચિંતાને દૂર કરવાના પ્રયાસ નાણામંત્રી દ્વારા કરવામાં આવ્યા હતા.

## મુંબઈમાં પેટ્રોલ ૯૦ને પાર

નવી દિલ્હી,તા. ૨૪

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારાનો દોર જારી રહ્યો છે. આજે ભાવ વધારો ઝીંકવામાં આવ્યા બાદ દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં પેટ્રોલની કિંમત ૧૧ પૈસા વધીને ૯૦ રૂપિયા પ્રતિ લીટરથી ઉપર પહોંચી ગઈ છે. મુંબઈમાં પેટ્રોલની કિંમત હવે પ્રતિ લીટર ૯૦.૦૮ રૂપિયા થઈ ગઈ છે. આવી જ રીતે ડીઝલની કિંમત પ્રતિ લીટર ૭૮.૫૮ સુધી પહોંચી ગઈ છે. પેટ્રોલની કિંમતમાં મુંબઈમાં ૧૧ પૈસા અને ડીઝલની કિંમતમાં પાંચ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પેટ્રોલની કિંમત વધીને ૮૨.૭૨ સુધી પહોંચી ગઈ છે.

ઓગસ્ટ થી દિવાળી કપલ/ફેમીલી/LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે.કેરાલા મુન્નાર-થેકડી | દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ | સિમલા મનાલી-ડેલ-અમૃત
કુર્ગ-કબિની વાયનાડ-હસન | ભુતાન પારો-થિમ્પુ-પુનાખા | નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા,સ્ટેડીયમ સર્કલ સી.જી.રોડ,અમદાવાદ
26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

કૌશલ્ય કલબ આયોજિત
બમ્પર હાઉસી
બમ્પર હાઉસી સાથે લકી ડ્રોનું આયોજન
'એન્ટ્રી ફી : રૂ. ૫૦/-
તારીખ : ૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૮
સ્થળ : ટાઉનહોલ, સેક્ટર-૧૭
સમય : બપોરે ૨ થી ૫
સંપર્ક :
હર્ષાબા ઘાંઘલ - મો. ૮૪૦૧૯૦૨૩૩૫
વૈશાલી જોશી - મો. ૯૯૨૫૨૩૪૯૮૫




No Clutch Pedal - For effortless driving, everytime. | The Best of Technology - Switch between automatic and manual mode.
LED DRLs with Projector Headlamps | Precision Cut Two Tone Alloy Wheels | SmartPlay Infotainment System
SAVINGS UPTO 45,100/-*
SWIFT
Terms and conditions apply. Offers applicable on select car models only. Car models and accessories shown may vary from the actual product. Images used are for illustration purposes only. *Total Benefit includes MGA + Consumer offer + Exchange Offer & ISL Offer. Offer may vary variant to variant All Offer by Maruti Suzuki Dealers.
NANDA AUTOMOBILES PVT. LTD. M. : 99780 44000, 97277 26098/99
KALOL : Nr. Ganesh Petrol Pump, Chirag Cinema Road. M. : 9727726008 MANSA : 11-12, Muktanand Complex, Mansa-Gandhinagar Highway. M : 9727726054 DEHGAM : Nr. Umiya Mata Temple, College Road. M. : 9727726009 TRUE VALUE SHOWROOM : No. 463, Saral Hight, Opp. Raysan Petrol Pump, Sangath Gate, Koba, Gandhinagar Rd, Kudasan. M.: 9727726012 AHMEDABAD : Avadh Arcade, Nr. Shell Petrol Pump, 132 Ft. Ring Rd, Jivraj Park. MARUTI DRIVING SCHOOL : Ph.079-65728231